# શંકરભાઈ લોન લેતાં ડરે!

સાયકલ એમની હતી. 170 કિલોમીટરનો રસ્તો એમણે કાપ્યો. ઓટલા પર રાતો એમણે વિતાવી. બચત કરીને ઘર એમણે બનાવ્યું. રિક્ષા એમણે ખરીદી. તક અને મહેનત જ્યારે ભેગાં થાય ત્યારે પરિવર્તન જન્મે છે, એ આ કિસ્સામાં સાચું ઠરતું જણાય છે. સાયકલ પર ધંધો શરૂ કર્યો. આજે શંકરભાઈએ અતુલ ઓટોરિક્ષા ખરીદી છે અને સાત લાખના ખર્ચે પોતાનું સરસ ઘર તૈયાર કર્યું છે.

વાત છે પાટણ જિલ્લાના વારાહીના શંકરભાઈની. મહેનત કરીને મંઝિલ સુધી પહોંચેલા વ્યક્તિની વાત આવે ત્યારે કબીર સાહેબનો એક દુહો યાદ આવે છે,

“करत-करत अभ्यास के, जड़मति होत सुजान। रसरी आवत जात ते, सिल पर पड़त निशान।।”

વારંવારના પ્રયત્નોથી દોરડું પણ પથ્થર પર નિશાન પાડી શકે છે, તો મહેનત કરતો માણસ પોતાના જીવન પર પરિવર્તનનું નિશાન કેમ ન પાડી શકે? શંકરભાઈની વાર્તા પણ કંઈક આવી જ છે.

એક દિવસ સાંતલપુર-આડેસરના રસ્તેથી અમારા કાર્યકર શંકરભાઈ પસાર થઈ રહ્યા હતા. સંધ્યા થવામાં હતી. ત્યાં એમને એક બંધ દુકાનની બાજુમાં ત્રણ ઈંટનો ચૂલો બનાવી તેના પર રસોઈ કરતો એક માણસ દેખાયો. એની બાજુમાં સાયકલ હતી અને એના પર બે થેલા હતા.

શંકરભાઈ એને જોઈને ઊભા રહ્યા અને કઈ તરફનો પ્રવાસ છે એવું પૂછ્યું. જવાબમાં એ ભાઈએ જે કહ્યું, એ સાંભળીને કાર્યકર શંકરભાઈને આ માણસમાં રસ પડ્યો.

**આપણી આસપાસ**
**★ મિત્તલ પટેલ**

રસોઈ કરતા માણસનું નામ પણ શંકરભાઈ હતું. એ મૂળ પાટણના વારાહીના વતની હતા. કટલરીનો સામાન વેચવા માટે તેઓ વારાહીથી છેક ધોળાવીરા સુધીનું 170 કિલોમીટરનું અંતર ત્રણ દિવસમાં કાપતા, એ પણ સાયકલ પર.

શંકરભાઈ ઝાઝું ભણ્યા નહોતા. બજાણિયા સમુદાયના ઘણા પરિવારોની જેમ શંકરભાઈએ પણ નાની ઉંમરથી કટલરી વેચવાનું શરૂ કર્યું. શરૂઆતમાં એમણે પાંચસો-સાતસો રૂપિયાનો કટલરીનો સામાન ખરીદ્યો અને વારાહીની આસપાસનાં ગામોમાં વેચવાનું શરૂ કર્યું. પણ ત્યાં આ પ્રકારે ધંધો કરનારા ઘણા હતા એટલે પૂરતી કમાણી થતી નહોતી.

આખરે એમણે નવો વિસ્તાર શોધવાનું નક્કી કર્યું. એ માટે એક થેલામાં કટલરી અને બીજા થેલામાં થોડાં વાસણો ભર્યાં, જૂની સાયકલ ખરીદી અને નીકળી પડ્યા ધોળાવીરાના રસ્તે.

રસ્તામાં આવતાં ગામોમાં ફરીને તેઓ સામાન વેચતા. જ્યાં ગ્રાહક મળે ત્યાં ઊભા રહેતા. રાત પડે ત્યારે કોઈ ગામના ઓટલા પર રોકાઈ જતા. પોતાની સાથે લાવેલા કરિયાણામાંથી રોટલો કે દાળ બનાવતા. ઓટલા પર જ જમી લેતા અને રાત્રે એ જ ઓટલો એમનું ઘર બની જતો.

**વારંવારના પ્રયત્નોથી દોરડું પણ પથ્થર પર નિશાન પાડી શકે છે, તો મહેનત કરતો માણસ પોતાના જીવનમાં પરિવર્તન કેમ ન લાવી શકે?**

વારાહીથી નીકળે ત્યારે સામાન લઈને નીકળતા અને રાપર પહોંચીને પાછા ફરતી વખતે થયેલી કમાણીમાંથી થોડો સામાન ભરાવતા. શંકરભાઈ પાસેથી અમારા કાર્યકર શંકરભાઈએ એમના સંઘર્ષની આ વાતો સાંભળી તો એમણે, “તમે થોડો વધારે સામાન લઈને નીકળો તો ધંધો વધારે થઈ શકે,” એવું સૂચન કર્યું. પણ એ માટે વધારે મૂડી જોઈએ, જેની સગવડ એમની પાસે નહોતી.

કાર્યકરે એમને સંસ્થામાંથી લોન આપવાની વાત કરી. પણ શંકરભાઈ લોન લેતાં ડરતા હતા. લોન એટલે જવાબદારી. ધંધો નહીં ચાલે તો? નુકસાન થઈ જાય તો? લોન પાછી કેવી રીતે આપીશ? આવી ચિંતાઓને કારણે તેઓ લોન લેતાં ડરતા હતા.

પણ કાર્યકરે એમને હિંમત આપી. સંસ્થામાંથી એમને 10,000ની લોન મળી અને શંકરભાઈએ થોડો વધારે સામાન ખરીદ્યો. ધંધો વધ્યો એટલે આવક પણ વધી. એમણે જૂનું બાઈક ખરીદ્યું. બાઈક હોય તો એક દિવસમાં ઘણાં ગામ ફરી શકાય, એ વિચાર સાથે એમણે ફરી લોન લીધી. ધંધામાં મૂડી ઉમેરતા ગયા અને સાથે બચત પણ કરતા ગયા. ધીમે-ધીમે લોન ચૂકવતા ગયા અને ફરી જરૂર પડી ત્યારે લોન




લેતા ગયા. પણ આ લોન માત્ર જરૂરિયાત પૂરી કરવા માટે નહોતી. લોન એમના માટે ધંધો વધારવાનું સાધન બની ગઈ.

આની સાથે એમણે કરેલી બચતમાંથી પોતાનું ઘર સરખું કરવાનું શરૂ કર્યું. કમાણીમાંથી થોડું-થોડું નાણું ઘરમાં લગાવતા ગયા. ટીપે-ટીપે સરોવર ભરાય એમ એમણે સાત લાખના ખર્ચે એવું અફલાતૂન ઘર તૈયાર કર્યું કે આખી બજાણિયા વસાહતમાં વટ પડે.

શંકરભાઈને ધંધામાં નિષ્ઠા અને પ્રામાણિકતા હતી એટલે ઈશ્વરે પણ બરકત આપી. બે વર્ષ પહેલાં એમણે મોટી ઓટોરિક્ષા ખરીદી. એમાં વધારે સામાન ભરીને તેઓ દૂરનાં ગામોમાં પત્ની સાથે જવા માંડ્યા. આ બધી પ્રગતિ પાંચેક વર્ષમાં જ થઈ.

શંકરભાઈ રિક્ષા ચલાવે અને એમનાં પત્ની રિક્ષામાં પાછળ સામાન સાથે બેસે. હવે કટલરીની સાથે-સાથે તેઓ ઘરવપરાશની વસ્તુઓ પણ વેચે છે. દસ-પંદર દિવસ સુધી ગામડાંઓમાં ફરીને ધંધો કરે છે.

એક સમયે જે માણસ સાયકલ પર બે થેલાં લઈને નીકળતો હતો, આજે એ રિક્ષામાં પચીસ હજારનો સામાન ભરીને ધંધા માટે નીકળે છે.

શંકરભાઈને ત્રણ બાળકો છે. તેઓ પોતે ભણ્યા નથી, પણ બાળકો ભણે એ માટે એમનાં પિતા પાસે બાળકોને મૂકીને ધંધા અર્થે નીકળે છે. શંકરભાઈનાં માતા નથી, પણ એમના પિતા ત્રણેય બાળકોને માની જેમ સાચવે છે અને એમની દેખરેખ રાખે છે.

આખો પરિવાર જ્યારે સંકલ્પ કરે કે આપણે ગરીબીમાં નથી સબડવું, તો ઈશ્વરે પણ એ પરિવારને મદદ કરવી પડે. શંકરભાઈના કિસ્સામાં આ વાત સાચી ઠરતી જણાય છે.

આ શંકરભાઈ મને આડેસરથી સાંતલપુર જવાના રસ્તે મળ્યા હતા. એમની સાથે રસ્તા પર જ આ બધી વાતો થઈ. એમણે કહ્યું, “મને લોન ન મળી હોત તો હજુ સાયકલ લઈને રખડતો હોત.” એમના આ શબ્દો સાંભળીને મને આનંદ થયો, પણ સાથે વિચાર પણ આવ્યો. શું ખરેખર માત્ર સંસ્થાએ એમની કિસ્મત બદલી? મને લાગે છે કે તક સંસ્થાએ આપી, પણ કિસ્મત શંકરભાઈએ પોતાની મહેનતથી લખી. 10,000ની લોન એમને મળી, પણ એ લોનમાંથી ધંધો વધારવાની મહેનત એમની હતી. બચત એમણે કરી. લીધેલી લોન સમયસર પરત કરી. ફરી લોન લીધી અને ફરી ધંધામાં નાખી. ઘર એમણે બનાવ્યું. રિક્ષા એમણે ખરીદી. બાળકો ભણે એનાં સપનાં પણ એમણે જ જોયાં.

મારું માનવું છે કે તક અને મહેનત જ્યારે ભેગાં થાય ત્યારે પરિવર્તન જન્મે છે અને શંકરભાઈના કિસ્સામાં આ સાચું ઠરતું જણાય છે.

કોઈ પરિવારને થોડા રૂપિયા આપવાથી કદાચ આજની જરૂરિયાત પૂરી થાય, પણ જો એ જ રૂપિયા કોઈ માણસને ધંધો ઊભો કરવાની તક આપે, તો એ રૂપિયા આવતી કાલ પણ બદલી શકે.

અમે જેમને મદદરૂપ થયા, એ બધા પરિવારોની સફળતાની વાર્તા મારી આંખે જોવાનું શક્ય નથી. પણ જ્યારે શંકરભાઈ જેવા કોઈ પરિવારની સફર અચાનક સામે આવે છે, ત્યારે ખૂબ આનંદ થાય છે.

# ગેરુ અને સોનાગેરુને ઓળખો છો?

વર્તમાન સમયમાં કેટલીક સામાન્ય વસ્તુઓને આપણે ભૂલવા લાગ્યા છીએ. તૈયાર વસ્તુઓના આ સમયમાં આપણા ગામ કે શહેરની આસપાસ શું-શું પડ્યું છે, તેનાથી આપણે અપરિચિત છીએ. આજના સમયમાં ખાસ કરીને મહિલાઓના સૌંદર્ય પ્રસાધનોની ભરમાર છે. આપણને ખબર પણ નથી હોતી કે એ સામાન્ય વસ્તુઓનાં મિશ્રણથી બનેલાં હોય છે. એવી જ રીતે વૃક્ષોના થડ પર લાલ અને સફેદ રંગના પટ્ટા શા માટે કરવામાં આવે છે, તેની સામાન્ય જાણકારી પણ આપણે રાખતા નથી. તો એ લાલ રંગના પટ્ટા શેના છે અને એ પદાર્થ કયો છે? એ લાલ રંગનો પદાર્થ જમીનમાંથી કુદરતી રીતે મળી આવે છે. તેને ગેરુ કહેવામાં આવે છે, જે સામાન્ય રીતે લાલ રંગનું હોય છે. ઝાડના થડ પર લગાવવામાં આવતું ગેરુ (Red Ochre) કુદરતી રીતે મળતી એક ખનિજ માટી છે. તે મુખ્યત્વે લોખંડના ઑક્સાઈડ, રેતી અને માટીનું મિશ્રણ હોય છે. કુદરતી રીતે ગેરુ જમીનમાંથી પથ્થર કે માટીના સ્વરૂપમાં મળી આવે છે. તેને વાપરવા યોગ્ય બનાવવા માટે આ પ્રક્રિયા કરવામાં આવે છે: ખાણમાંથી કાઢેલા ગેરુના પથ્થરોને સાફ કરી તેમાંથી કચરો દૂર કરવામાં આવે છે. આ પથ્થરોને મશીન કે ઘંટીમાં દળીને ઝીણો પાવડર બનાવવામાં આવે છે. જો ગેરુનો રંગ વધુ ઘેરો લાલ જોઈતો હોય, તો તેને ઊંચા તાપમાને ગરમ કરવામાં આવે છે. આનાથી તેમાંનો ભેજ ઊડી જાય છે અને આયર્ન ઑક્સાઈડના કારણે તેનો રંગ ઘટ્ટ લાલ બને છે.

**ઘટ ઘટ પાની**
**★ માવજી મહેશ્વરી**

બગીચામાં કે રસ્તાની આજુબાજુનાં ઝાડ પર લગાવવા માટે માત્ર ગેરુ જ પૂરતું નથી. તેમાં સામાન્ય રીતે ચૂનો ઉમેરવામાં આવે છે. ચૂનાને પાણીમાં પલાળી તેમાં ગેરુનો પાવડર અને થોડું જંતુનાશક કોપર સલ્ફેટ ઉમેરીને ઘટ્ટ પ્રવાહી તૈયાર કરવામાં આવે છે. ઝાડ પર સફેદ અને લાલ પટ્ટા કરવામાં આવે છે. તેની પાછળ વૈજ્ઞાનિક કારણો છે. ચૂનો અને ગેરુનું મિશ્રણ જંતુનાશક તરીકે કામ કરે છે, જે ઝાડને ઉધઈ અને અન્ય કીડાઓથી બચાવે છે. સખત તડકાને કારણે ઝાડની છાલમાં તિરાડો પડતી હોય છે. આ મિશ્રણ લગાવવાથી છાલ સુરક્ષિત રહે છે. રાત્રિના સમયે વાહનચાલકોને ઝાડ સ્પષ્ટ દેખાય તે માટે સફેદ (ચૂનો) અને લાલ (ગેરુ) રંગના પટ્ટા કરવામાં આવે છે. વાહનચાલકોને અંધારામાં પણ ઝાડ સ્પષ્ટ દેખાય છે અને અકસ્માતો નિવારી શકાય છે. વન વિભાગ દ્વારા આ પટ્ટાઓનો ઉપયોગ વૃક્ષોની ગણતરી કરવા અને તેમની ઓળખ કે સ્થિતિ દર્શાવવા માટે પણ કરવામાં આવે છે. ઝાડ પર ગેરુ અને ચૂનો લગાવવો એ માત્ર શણગાર નથી, પરંતુ તે એક પ્રકારની સારવાર પણ છે.

**ચોક્કસ આયુર્વેદિક પદ્ધતિથી શુદ્ધ કર્યા પછી તેનો ઉપયોગ લોહીની કમી દૂર કરવાની દવાઓમાં પણ થાય છે, ટૂંકમાં, ગેરુ રક્ષણ અને શણગાર માટે વધુ જાણીતું છે, જ્યારે સોનાગેરુ તેના ઔષધીય ગુણો અને તેજસ્વી પીળા રંગ માટે જાણીતું છે**

શુદ્ધ કરેલા ગેરુનો ઉપયોગ કેટલીક આયુર્વેદિક દવાઓમાં કરવામાં આવે છે. ગેરુ (Red Ochre) અને સોનાગેરુ (Yellow Ochre) બંને કુદરતી રીતે મળતી ખનિજ માટી છે, પરંતુ તેમના બંધારણ અને ઉપયોગમાં થોડો તફાવત છે. સોનાગેરુનો ઉપયોગ પીળો રંગ બનાવવા માટે થાય છે, જે ચિત્રકળા અને દિવાલોના રંગકામમાં વપરાય છે. સોનાગેરુ શીતળ (ઠંડક આપનાર) માનવામાં આવે છે. ખંજવાળ, બળતરા કે ચામડીના સોજા પર સોનાગેરુનો લેપ લગાવવાથી રાહત મળે છે. ચોક્કસ આયુર્વેદિક પદ્ધતિથી શુદ્ધ કર્યા પછી તેનો ઉપયોગ લોહીની કમી દૂર કરવાની દવાઓમાં પણ થાય છે, ટૂંકમાં, ગેરુ રક્ષણ અને શણગાર માટે વધુ જાણીતું છે, જ્યારે સોનાગેરુ તેના ઔષધીય ગુણો અને તેજસ્વી પીળા રંગ માટે જાણીતું છે.

સોનાગેરુ એક કુદરતી ખનિજ છે. તે મુખ્યત્વે આયર્ન ઑક્સાઈડ અને એલ્યુમિનિયમ સિલિકેટનું મિશ્રણ છે, જે પોતાના લાલ-બદામી રંગ માટે જાણીતું છે. આયુર્વેદિક ચિકિત્સાથી લઈને ઘરગથ્થુ અને ધાર્મિક કાર્યોમાં તેનો વ્યાપક ઉપયોગ થાય છે. કષાય ગુણને કારણે તે નાકમાંથી લોહી પડવું (નસકોરી ફૂટવી), માસિક ધર્મમાં વધુ રક્તસ્રાવ થવો કે પાઈલ્સ (હરસ)માંથી લોહી પડવાની સમસ્યામાં રાહત આપે છે. તે શરીરમાં વધેલા પિત્તદોષને સંતુલિત કરે છે અને બળતરા કે ઍસિડિટી ઘટાડવામાં મદદ કરે છે. ઍન્ટિસેપ્ટિક અને ઠંડક આપનારા ગુણોને લીધે તે ખંજવાળ, શીળસ, ગુમડાં અને ત્વચાના અન્ય ચેપમાં ફાયદાકારક છે. મધ કે અન્ય યોગ્ય અનુપાન સાથે લેવાથી તે વારંવાર આવતી હેડકી અને ઊલટીને શાંત કરે છે.

ગેરુના પાવડરને ગુલાબજળ કે દૂધ સાથે મિક્સ કરીને ચહેરા પર લગાવવાથી ખીલ મટે છે અને ત્વચા પર કુદરતી ચમક આવે છે. તે ત્વચા પરના વધારાના તેલને શોષી લે છે, જેનાથી ત્વચા સાફ અને તેજસ્વી બને છે. હિન્દુ ધર્મમાં પૂજા-પાઠ, કળશસ્થાપન, સ્વસ્તિક બનાવવા અને ધાર્મિક વિધિઓમાં ગેરુનો પવિત્ર રંગ તરીકે ઉપયોગ થાય છે. ગ્રામીણ વિસ્તારોમાં આજે પણ ઘરની દીવાલો અથવા આંગણાને ગાયના છાણ અને ગેરુનું મિશ્રણ કરીને લીંપવામાં આવે છે, જે ઘરને ઠંડક આપે છે અને કીટાણુઓથી બચાવે છે. પરંપરાગત કળા, માટીનાં વાસણોને રંગવા અને તહેવારોમાં કુદરતી રંગોળી બનાવવા માટે તેનો ઉપયોગ થાય છે.

